Extra No. 307

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. LVII ] FRIDAY, OCTOBER 21, 2016/ASVINA 29, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૨૧મી ઓક્ટોબર, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **વન અને પર્યાવરણ** વિભાગના **તારીખ : ૬ઠ્ઠી જૂન, ૨૦૧૬**ના સરકારી **જાહેરનામા ક્રમાંક : જીવીએન/૨૦૧૬/૧૭/ઈએક્ષએમ/૧૦૨૦૧૬/૫૫૯/ડી**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

**Notification**

***Regarding***

**The Office Superintendent, Class II (Departmental Examination) Rules, 201 .**

**કચેરી અધીક્ષક, વર્ગ ૨ (ખાતાકીય પરીક્ષા) નિયમો, ૨૦૧૬ સંબંધી**

**જાહેરનામું**

**વન અને પર્યાવરણ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી જૂન, ૨૦૧૬.

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંકઃ- જીવીએન/૨૦૧૬/૧૭/ઇએક્ષએમ/૧૦૨૦૧૬/૫૫૯/ડીઃ-** ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ખાતાકીય પરીક્ષા પાસ કરવાને લગતી હોય તેટલા પૂરતી, વન અને પર્યાવરણ વિભાગમાં, કચેરી અધીક્ષક, વર્ગ ૨, સામાન્ય રાજ્ય સેવાના સંવર્ગમાં સેવાની શરતોનું નિયમન કરવા માટેની જોગવાઇ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. **ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.-**

(૧) આ નિયમો કચેરી અધીક્ષક, વર્ગ ૨ (ખાતાકીય પરીક્ષા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

(૩) તે, વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત રાજ્ય હેઠળની તાબાની સેવામાં બઢતીથી અથવા અન્યથા મુખ્ય કારકુન, વર્ગ ૩ની જગાઓ પર નીમાયેલી વ્યકિતઓને લાગુ પડશે.

૨. **વ્યાખ્યા.-** આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-

(ક) "પરિશિષ્ટ" એટલે આ નિયમો સાથે જોડેલું પરિશિષ્ટ;

(ખ) "નિયત તારીખ" એટલે આ નિયમો અમલમાં આવવાની તારીખ;

(ગ) ''મંડળ'' એટલે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગુજરાત;

(ઘ) ''પરીક્ષા'' એટલે આ નિયમો હેઠળ નિર્દિષ્ટ કરેલી ખાતાકીય પરીક્ષા;

(ચ) ''સરકાર'' એટલે ગુજરાત સરકાર;

(છ) ''કચેરી અધીક્ષક'' એટલે બઢતીથી કચેરી અધીક્ષક તરીકે નીમાયેલી વ્યકિત ;

(જ) "નિર્દિષ્ટ કરેલી તકો" એટલે આ નિયમોમાં નિર્દિષ્ટ કરેલી જેટલી તકોમાં કોઇ વ્યકિતએ જરૂરી પરીક્ષા પાસ કરવી જોઇશે તેટલી તકો;

(ઝ) "નિર્દિષ્ટ કરેલી મુદત" એટલે આ નિયમોમાં નિર્દિષ્ટ કરેલી જેટલી મુદતમાં કોઇ વ્યકિતએ સુસંગત પરીક્ષા પાસ કરવાની જરૂરી રહેશે તે મુદત;

૩. **પરીક્ષામાં ઉપસ્થિત થવા માટેની પાત્રતા અને તકોની ઉપલભ્યતા.-**

કચેરી અધીક્ષક, વર્ગ ૨-ની જગા પર બઢતીને પાત્ર થવા માટે, વ્યકિતએ, વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત રાજ્ય હેઠળની તાબાની સેવામાં, મુખ્ય કારકુન, વર્ગ ૩ની જગા પર તેની નિયમિત નિમણૂકની તારીખથી ત્રણ વર્ષની મુદતની અંદર અને ત્રણ તકોમાં પરીક્ષા પાસ કરવાની રહેશે :

પરંતુ, જેની પાસે છેલ્લી તક હોય તેવી વ્યકિતના કિસ્સામાં, આ નિયમોમાં જોગવાઈ કર્યા પ્રમાણેની પરીક્ષા પાસ કરવાની મુદત, ત્યારપછીની પરીક્ષા યોજવાની તારીખ પહેલાં પૂરી થઇ જાય, તો સદરહુ મુદત, પરીક્ષાના પરિણામની જાહેરાતની તારીખ સુધી લંબાવવામાં આવી હોવાનું ગણાશેઃ

વધુમાં, અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓની વ્યકિતઓને એક વધુ તક આપી શકાશે, જેનો ઉપયોગ આ નિયમોમાં જણાવેલી મુદત પૂરી થયાની તારીખથી એક વર્ષની મુદતની અંદર કરવાનો રહેશે:

વળી, નિર્દિષ્ટ તકોની અંદર કોઇ વ્યક્તિ તેવી પરીક્ષા પાસ કરવામાં નિષ્ફળ થાય, તો તે, સરકારે નક્કી કરેલી પરીક્ષા ફી ભર્યેથી, એ રીતે નિષ્ફળ જવા છતાં પણ આવી પરીક્ષામાં કોઇપણ સમયે ઉપસ્થિત થવા માટે લાયક ગણાશે અને તે સદરહુ પરીક્ષા પાસ કરે, તો તે પહેલાં જેણે પરીક્ષા પાસ કરેલી હોય અને ઉપલી જગા પર બઢતી અપાયેલી હોય તેવી વ્યકિતઓ પર સિનિયોરિટીનો દાવો કરવાને હકદાર થશે નહિ તે શરતને અધીન રહીને બઢતી માટે લાયક ગણાશે:

૪. **પરીક્ષા યોજવા બાબત.-**

(૧) મંડળે વર્ષમાં બે વખત, સામાન્ય રીતે જૂન અને ડિસેમ્બર મહિનામાં પરીક્ષા યોજવી જોઇશે.

(૨) મંડળે, પરીક્ષા યોજવા માટેના સ્થળ, તારીખ અને સમયની જાણ સચિવ, વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત સરકારની જાણ હેઠળ અગ્ર મુખ્ય વન સંરક્ષક અને વન દળના વડા, ગુજરાત રાજય, ગાંધીનગર-ને કરવી જોઇશે અને અગ્ર મુખ્ય વન સંરક્ષકે, મંડળની જાણ હેઠળ સીધી ઉમેદવારોને જાણ કરવી જોઇશે.

૫. **પરીક્ષા માટેનો અભ્યાસક્રમ.-**

(૧) પરીક્ષા માટેનો અભ્યાસક્રમ, પરિશિષ્ટ ‘ક’માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે રહેશે. પ્રશ્નપત્ર ૪ વર્ણનાત્મક પ્રકારનું રહેશે, તે સિવાયની પરીક્ષા બહુવિકલ્પ પ્રશ્નો (MCQs)ની રહેશે.

(૨) પરીક્ષાનું માધ્યમ, પ્રશ્નપત્રમાં આપેલી સૂચના પ્રમાણે ગુજરાતી અથવા અંગ્રેજી રહેશે.

૬. **પરીક્ષામાં ઉપસ્થિત રહેવા બાબત.-**

(૧) પરીક્ષામાં ઉપસ્થિત રહેવા ઈચ્છતા મુખ્ય કારકુન, વર્ગ ૩-એ, પરીક્ષાના આરંભની તારીખથી ઓછામાં ઓછા સાઠ દિવસ પહેલાં એવી પરીક્ષામાં ઉમેદવાર તરીકે તેના નામની નોંધણી કરાવવા માટે, પોતાની અરજી પરિશિષ્ટ ‘ખ’ માં ઠરાવ્યા પ્રમાણેના નમૂનામાં, અગ્ર મુખ્ય વન સંરક્ષક અને વન દળના વડા, ગુજરાત રાજય મારફત રજૂ કરવી જોઈશે.

(૨) અગ્ર મુખ્ય વન સંરક્ષક અને વન દળના વડા, ગુજરાત રાજય, ગાંધીનગર-એ પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટેની તેની પાત્રતાના સંબંધમાં અરજીની ચકાસણી કરવી જોઇશે અને પરિશિષ્ટ ‘ગ’ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના યોગ્યતા પ્રમાણપત્ર સહિત તે મંડળને મોકલી આપવી જોઇશે.

(૩) અરજદાર, પછીથી પરીક્ષામાં ઉપસ્થિત ન થવાનો નિર્ણય કરે, તો તેણે, પરીક્ષાના આરંભની તારીખથી ઓછામાં ઓછા ત્રીસ દિવસ પહેલાં તેની જાણ લેખિતમાં, અગ્ર મુખ્ય વન સંરક્ષક અને વન દળના વડા, ગુજરાત રાજય, ગાંધીનગર-મારફત મંડળને કરવી જોઇશે.

(૪) પરીક્ષામાં ઉપસ્થિત થવા માટે ઉમેદવાર તરીકે પોતાના નામની નોંધણી કરાવ્યા પછી, પરીક્ષામાં ઉપસ્થિત થવા કોઇ વ્યકિત ચૂક કરે તેવા પ્રસંગે, ઉપર પેટા-નિયમ (૩)માં ઉલ્લેખ્યા પ્રમાણે તે કોઇ જાણ ન કરે તો, તેણે પરીક્ષા પાસ કરવાની એક તક ગુમાવી હોવાનું ગણાશે.

(૫) મંડળ, ઉમેદવાર એવી પરીક્ષામાં ઉપસ્થિત થવાને પાત્ર હોય તો, અગ્ર મુખ્ય વન સંરક્ષક અને વન દળના વડા, ગુજરાત રાજય, ગાંધીનગર-એ કાઢી આપેલા યોગ્યતા પ્રમાણપત્રના આધારે ઉમેદવારને સુસંગત પરીક્ષામાં બેસવા દેશે :

પરંતુ અગ્ર મુખ્ય વન સંરક્ષક અને વન દળના વડા, ગુજરાત રાજય, ગાંધીનગર-ને એવી ખાતરી થાય કે વ્યકિતએ પોતાના કાબૂ બહારના કારણોસર સમયમર્યાદાની અંદર જાણ કરવામાં ચૂક કરી હતી તો તે, પેટા-નિયમ (૩)માં ઉલ્લેખ્યા પ્રમાણેની જાણ કરવા માટે વ્યકિતના પક્ષે થયેલી ચૂક અને તેનાથી ઉદ્ભવતા પરિણામોને માફ કરી શકશે.

૭. **પરીક્ષા પાસ કરવા માટે લાયકી ધોરણ.-**

(૧) પરીક્ષા પાસ કરવા માટેનું ધોરણ, દરેક પ્રશ્નપત્રમાં મેળવેલ કુલ ગુણના પચાસ ટકા (૫૦ % ) રહેશે.

(૨) વિષયોના પ્રશ્નપત્રોના જવાબ, પુસ્તકોની મદદથી આપી શકાશે.

સ્પષ્ટીકરણ.- પુસ્તકો સાથે એટલે મૂળ કાયદા અને/અથવા નિયમો ધરાવતા કોઇ ટીપ્પણી અથવા કેસને લગતા કાયદા સિવાયના પુસ્તકો સાથે અને તેમાં ગુજરાત સરકારે પ્રસિદ્ધ કરેલા અધિનિયમ હેઠળ બહાર પાડેલા નિયમસંગ્રહનો સમાવેશ થાય છે.

(૩) નાપાસ થયેલ જે કોઇ ઉમેદવારે કોઇ એક અથવા વધુ પ્રશ્નપત્રોમાં સાઇઠ ટકા અથવા તેથી વધારે ગુણ મેળવ્યા હોય તેને ત્યારપછીની પરીક્ષામાં તેટલા પ્રશ્નપત્રોમાં તેને ઉપસ્થિત થવામાંથી મુકિત આપવામાં આવશે.

૮. **પરિણામની પ્રસિદ્ધિ.-** મંડળ, પરીક્ષાનું પરિણામ સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કરશે અને તે અંગે સચિવ, વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત રાજય-ને પણ જાણ કરશે.

૯. **પરીક્ષા ખંડમાં અમુક સાધનો (ડિવાઇસ)ના ઉપયોગ પર પ્રતિબંધ (મનાઇ).-** ઉમેદવારને સેલ્યુલર ફોન, કેલ્કયુલેટર, પેજર, લેપટોપ અથવા તેના જેવા બીજા ઇલેકટ્રોનિક સંદેશાવ્યવહારના બીજા કોઇપણ સાધનો (ડિવાઇસ) પોતાની સાથે લઇ જવા દેવા પરવાનગી આપવી જોઇશે નહિ.

૧૦. **શિસ્તવિષયક કાર્યવાહી.-**

કોઈપણ ઉમેદવાર,-

(ક) પોતાની ઉમેદવારી માટે કોઇપણ રીતે ટેકો મેળવવા માટે; અથવા

(ખ) બીજાનું નામ ધારણ કરવા માટે; અથવા

(ગ) બીજી કોઈ વ્યક્તિ પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે; અથવા

(ઘ) બનાવટી દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા માટે; અથવા

(ચ) ભૂલવાળા અથવા ખોટા હોય તેવા અથવા મહત્ત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદન કરવા માટે; અથવા

(છ) પરીક્ષા માટે પોતાની ઉમેદવારીના સંબંધમાં બીજા કોઇ નિયમ વિરુદ્ધના અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે; અથવા

(જ) પરીક્ષા દરમિયાન ગેરવાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે; અથવા

(ઝ) લખાણોમાં અર્થહીન (બેહૂદી) ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અસંગત (અપ્રસ્તુત) બાબત લખવા માટે; અથવા

(ટ) પરીક્ષા ખંડમાં બીજી કોઈ રીતે ગેરવર્તણૂક કરવા માટે; અથવા

(ઠ) પરીક્ષાના સંચાલન માટે મંડળે કામે રાખેલ કર્મચારીવર્ગને હેરાન કરવા અથવા શારીરિક રીતે નુકસાન કરવા માટે; અથવા

(ડ) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા તે પૈકીના કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથાપ્રસંગ, મદદગારી કરવા માટે; અથવા

(ઢ) પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશ પ્રમાણપત્રમાં ઠરાવ્યા અને નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની શરતો પૈકીની કોઈપણ શરતનો ભંગ કરવા માટે,

દોષિત ઠર્યો હોય અથવા મંડળે તેને દોષિત જાહેર કરેલો હોય, તે, તેની સામે ફોજદારી કાર્યવાહી કરવાને પાત્ર થશે, તે ઉપરાંત

(૧) તે, જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી મંડળ દ્વારા તેને ગેરલાયક ઠરાવવાને; અથવા

(૨) (ક) મંડળ દ્વારા કોઈપણ પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે અથવા સંબંધિત જગા પરની તેની ઉમેદવારી માટે; અથવા

(ખ) સરકાર દ્વારા તેના પોતાના હેઠળના કોઈપણ રોજગારમાંથી તે, કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત રહેવાને પાત્ર થશે:

પરંતુ ઉમેદવાર તે અર્થે કરવા માંગતા હોય તેવી લેખિત રજૂઆત કરવાની તેને/ તેણીને તક આપ્યા સિવાય અને સામાન્ય વહીવટ વિભાગના સચિવ (કર્મચારીગણ)ની પૂર્વ-મંજૂરી લીધા સિવાય, ખંડ (૧)ના પેટા-ખંડ (૧) અથવા (૨) હેઠળની કોઈ શિક્ષા કરી શકાશે નહિ; અથવા

(૩) તે સરકારી સેવામાં હોય, તો સંબંધિત નિયમો હેઠળ શિસ્તવિષયક કાર્યવાહીને પાત્ર થશે.

**પરિશિષ્ટ ક**
**(જુઓ નિયમ ૫)**
**(કચેરી અધીક્ષક, વર્ગ ૨ની ખાતાકીય પરીક્ષા)**

**પ્રશ્નપત્ર ૧　ભારતનું સંવિધાન અને સેવાને લગતી બાબતો. ગુણ :૧૦૦, સમયગાળો : ૨ કલાક. (પુસ્તકો સાથે) (તમામ પ્રશ્નોના સમાન ગુણ રહેશે.)**

ભારતનું સંવિધાનના નીચેના સંદર્ભમાં,-

(૧) અનુચ્છેદ ૩૦૯;

(૨) સુધારા ૭૩ અને ૭૪ને ધ્યાને રાખીને પંચાયત અને નગરપાલિકાની જોગવાઇ;

(૩) ચૂંટણી આયોગ (કમિશન);

(૪) નાણા આયોગ;

(૫) સમવર્તી યાદી અને રાજ્ય યાદી; અને

(૬) સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટ (ઉચ્ચ ન્યાયાલયો) .

ગુજરાત મુલકી સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧ અને ગુજરાત મુલકી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧.

ગુજરાત વિધાનસભા નિયમો.

ખાસ ગુજરાત રાજયના સંદર્ભમાં હાલની પંચવર્ષીય યોજના.

ગુજરાતમાં પંચાયત રાજનું માળખું, તેની સત્તા અને મર્યાદા.

**પ્રશ્નપત્ર ૨ નાણાકીય બાબતો. ગુણ :૧૦૦ , સમયગાળો : ૨ કલાક. (પુસ્તકો સાથે)**

| | | |
|---|---|---|
| ૧. | ગુજરાત મુલકી સેવા નિયમો (જી.સી.એસ આર.) ૨૦૦૨, વોલ્યુમ ૧ થી ૮ | ૨૦ ગુણ |
| ૨. | ગુજરાત બજેટ મેન્યુઅલ (અંદાજપત્ર નિયમસંગ્રહ), ભાગ ૧ અને ભાગ ૨. | ૨૦ ગુણ |
| ૩. | ગુજરાત તિજોરી નિયમો, ૨૦૦૦. | ૧૫ ગુણ |
| ૪. | નાણાકીય સત્તાની સોંપણી. | ૧૫ ગુણ |
| ૫. | ગુજરાત સરકારની ખરીદ નીતિ. | ૧૫ ગુણ |
| ૬. | વિદ્યમાન ઉચ્ચતર પગાર ધોરણ યોજના. | ૧૫ ગુણ |

**પ્રશ્નપત્ર ૩ કચેરી કાર્યપદ્ધતિ. ગુણ :૧૦૦, સમયગાળો : ૨ કલાક. (પુસ્તકો સાથે)**

| | | |
|---|---|---|
| ૧. | વેપારના નિયમો અને તે હેઠળ બહાર પાડેલી સૂચનાઓ. | ૨૦ ગુણ |
| ૨. | કચેરી કાર્યપદ્ધતિનું મેન્યુઅલ (નિયમસંગ્રહ) | ૨૦ ગુણ |
| ૩. | ગુજરાતના વહીવટીતંત્રનું સંગઠન અને માળખું | ૨૦ ગુણ |
| ૪. | કામગીરી મૂલ્યાંકન અહેવાલ | ૧૦ ગુણ |
| ૫. | રોસ્ટર મેન્યુઅલ (નિયમસંગ્રહ)ની સૂચનાઓ (કેવી રીતે તૈયાર કરવી, રોસ્ટર રજિસ્ટરની જાળવણી અને રોસ્ટરના મુદ્દાની ફાળવણી.) | ૧૦ ગુણ |
| ૬. | ગુજરાત મુલકી સેવા ટ્રિબ્યુનલ અધિનિયમ, ૧૯૭૨. | ૧૦ ગુણ |
| ૭. | માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫. (તમામ સુધારા સાથે.) | ૧૦ ગુણ |

**પ્રશ્નપત્ર ૪ ગુજરાતી અને અંગ્રેજી ભાષા તથા સામાન્ય વિષય.**
**ગુણ : ૧૦૦, સમયગાળો : ૩ કલાક. (પુસ્તકો સિવાય)**

| | | |
|---|---|---|
| ૧. | અંગ્રેજી અને ગુજરાતીમાં નિબંધ. | ૧૫ ગુણ |
| ૨. | સેક્રેટરિએટ એન્ડ ફિલ્ડ રિલેશનશીપ (દફતરી અને ક્ષેત્રવિષયક સંબંધ). | ૧૦ ગુણ |
| ૩. | હાઈકોર્ટની બાબતો- પરિચ્છેદ પ્રમાણે વિશેષ નોંધની તૈયારી અને 'વિગતદર્શક હુકમો'નું મુસદ્દા લેખન. | ૧૦ ગુણ |
| ૪. | સરકારી પત્રવ્યવહાર- વિવિધ પ્રકારના સંદેશાવ્યવહાર, તેનું મુસદ્દા લેખન અને તેમની વચ્ચેનો તફાવત. | ૨૫ ગુણ |
| ૫. | વ્યાકરણ- અંગ્રેજી. | ૧૫ ગુણ |
| | વ્યાકરણ- ગુજરાતી. | ૧૫ગુણ |
| ૬. | વહીવટી શબ્દભંડોળ - ગુજરાતી અને અંગ્રેજી તથા તેનો ઉપયોગ. | ૧૦ ગુણ |

**પ્રશ્નપત્ર ૫ આ પ્રશ્નપત્રમાં અધિનિયમો, સંબંધિત વિભાગના નિયમોને લગતા એક અથવા વધારે ભાગો અને આવા વિભાગને લગતી અન્ય પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવશે.**

**ગુણ : ૧૦૦, સમયગાળો : ૨ કલાક. (પુસ્તકો સાથે)**

| | | |
|---|---|---|
| ૧. | ગુજરાત વન નિયમસંગ્રહ (મેન્યુઅલ) ભાગ : ૧, ૨, ૩. | ૨૫ ગુણ |
| ૨. | ભારત વન અધિનિયમ, ૧૯૨૭. | ૨૫ ગુણ |
| ૩. | વન (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૦. | ૧૦ ગુણ |
| ૪. | ભારત વન્ય પ્રાણી (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૭૨ (સુધારા સહિત). | ૨૦ ગુણ |
| ૫. | સૌરાષ્ટ્રનો વૃક્ષો કાપી નાખવા (શિક્ષા કરવા) બાબતનો અધિનિયમ, ૧૯૫૧. | ૧૦ ગુણ |
| ૬. | વન અધિકાર અધિનિયમ, ૨૦૦૬. | ૧૦ ગુણ |